# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

*****************************************************

1) મહાકુંભમાં સર્જાયેલી ઘટના અંગે રાષ્ટ્રપતિ તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

2) મૌની અમાવાસ્યા નિમિત્તે મોટી સંખ્યામાં ઉમટેલા શ્રધ્ધાળુઓને નજીકના ઘાટ પર સ્નાન કરવા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ યોગી આદિત્યનાથે અપીલ કરી

3) પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગરૂપે, આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાશે

4) દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસે ચુંટણી ઢંઢેરો જાહેર કર્યો

5) ટાટા સ્ટિલ ચેસ ટૂર્નામેન્ટમાં વિશ્વ ચેસ ચેમ્પિયન ડી. ગુકેશે નેધરલેન્ડ્સના વિજક આન ઝીને હરાવ્યો

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM MODI ON MAHAKUMBH STEMPADE

પ્રયાગરાજમાં મહાકુંભમાં સર્જાયેલી દુર્ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દુઃખ વ્યક્ત કર્યું હતું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડની ઘટના અત્યંત દુઃખદ છે. રાષ્ટ્રપતિએ જીવ ગુમાવનારા ભક્તોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે ઘાયલ ભક્તો ઝડપથી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી દુર્ઘટના અત્યંત દુઃખદ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ આ દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવનારા ભક્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી.

આ ઘટના અંગે શ્રી મોદીએ કહ્યું કે, સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને દરેક શક્ય રીતે મદદ કરવામાં રોકાયેલું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાત કરી છે અને તેઓ સતત રાજ્ય સરકારના સંપર્કમાં છે.

# MAHAKUMBH YOGI

પ્રયાગરાજ મહાકુંભમાં મૌની અમાવસ્યા અમૃત સ્નાન ચાલી રહ્યું છે. તેના ઉપર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે,. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે, શ્રી મોદીએ પરિસ્થિતિ વિશે પૂછપરછ કરવા માટે તેમની સાથે ઘણી વખત વાત કરી હતી. તેમણે કહ્યું કે, રાત્રે 1 થી 2 વાગ્યાની વચ્ચે અખાડા માર્ગ પર બેરિકેડ પાર કરતી વખતે કેટલાક શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.તેમણે શ્રદ્ધાળુઓને નજીકના ઘાટમાં સ્નાન કરવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમની સારવાર ચાલી રહી છે.

## (BYTE: યોગી આદિત્યનાથ)

મુખ્યમંત્રીએ કહ્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય આરોગ્યમંત્રી અને ભાજપ પ્રમુખ જે પી નડ્ડા અને રાજ્યપાલ આનંદીબેન પટેલે તેમની સાથે વાત કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

યોગી આદિત્યનાથે કહ્યું કે, પ્રયાગરાજ મહાકુંભમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ છે અને લગભગ 8 થી 10 કરોડ શ્રદ્ધાળુઓ હાજર છે.

## (BYTE: યોગી આદિત્યનાથ)

# SITARAMAN-BUDGET

પહેલી ફેબ્રુઆરીએ કેન્દ્રીય નાણામંત્રી બજેટ રજૂ કરવાના છે ત્યારે તેલંગાણાના ઉદ્યોગપતિઓ અપેક્ષા રાખી રહ્યા છે કે, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન કરદાતાઓ અને ઉદ્યોગો માટે પ્રોત્સાહનોની જાહેરાત કરશે.

રાજ્યના મલ્કજગિરી જિલ્લાના ઉદ્યોગપતિ ચેરુવુ રામબાબુ સૂચન કરી રહ્યા છે કે સ્થાનિક કર્મચારીઓને લાભ આપવા માટે કલ્યાણકારી કાર્યક્રમોને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી કાર્યક્રમ હેઠળ રોજગાર યોજનાઓ સાથે જોડવા જોઈએ.

તેમણે એવું પણ સૂચન કર્યું કે, સરકારે એવા ઉદ્યોગપતિઓને પ્રોત્સાહન આપવા વિશે વિચારવું જોઈએ. જેઓ  રોજગાર અને સંપત્તિનું સર્જન કરી રહ્યા છે.

# ALL PARTY MEETING

સંસદના બજેટ સત્ર અગાઉ સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદનું બજેટ સત્ર શુક્રવારથી શરૂ થશે. શનિવારે, નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં કેન્દ્રીય બજેટ 2025-26 રજૂ કરશે.

# J &K VIDHANSABHA

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની વ્યાપાર સલાહકાર સમિતિ 3 માર્ચથી શરૂ થઈ રહેલા બજેટ સત્રના સંદર્ભમાં ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં બેઠક કરી શકે છે. જમ્મુ કાશ્મીરના અમારા પ્રતિનિધિ  જણાવે છે કે, લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ 3 માર્ચે જમ્મુ કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ વિધાનસભાનું પ્રથમ બજેટ સત્ર બોલાવવાની મંજૂરી આપી છે.

સત્રના પહેલા દિવસે ઉપરાજ્યપાલ વિધાનસભાને સંબોધિત કરશે. આ પહેલી વાર હશે જ્યારે ઓમર અબ્દુલ્લા વિધાનસભામાં બજેટ રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે, આ વિધાનસભાનું બીજું સત્ર હશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAMMU OPERATIONS

જમ્મુ અને કાશ્મીરમાં, પોલીસ, સેના અને અર્ધલશ્કરી દળોએ ગઈકાલે જમ્મુ ડિવિઝનમાં લગભગ 2 ડઝન સ્થળોએ આતંકવાદ વિરોધી કામગીરી તીવ્ર બનાવી હતી, જેમાં મુખ્યત્વે નિયંત્રણ રેખા, LOCની આસપાસના ઊંચાઈવાળા વિસ્તારો અને જંગલ વિસ્તારોમાં શોધ અભિયાન આરંભ્યુ હતું.

અમારા પ્રતિનિધિ અહેવાલ મુજબ, આ અભિયાનનો હેતુ ગયા વર્ષે ડિવિઝનમાં શ્રેણીબદ્ધ ઘાતક હુમલાઓ માટે જવાબદાર આતંકવાદી નેટવર્કને તોડી પાડવાનો છે. ઉનાળાની શરૂઆત પહેલાં આવા વિસ્તારોમાં આતંકવાદીઓની પ્રવૃત્તિઓ વધે છે. તેને રોકવા માટે આ કામગીરી આરંભવામાં આવી હતી.

રાજૌરી અને પૂંચ જેવા સરહદી જિલ્લાઓ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે જાણીતા હોટસ્પોટ રહ્યા છે, ગયા વર્ષે આતંકવાદીઓએ 6 અન્ય જિલ્લાઓ - રિયાસી, ડોડા, કિશ્તવાડ, કઠુઆ, ઉધમપુર અને જમ્મુમાં આતંકવાદી પ્રવૃત્તિઓ ફેલાઇ હતી.

આ જિલ્લાઓમાં આતંકવાદી ઘટનાઓ, જેમાં 18 સુરક્ષા કર્મચારીઓ અને 14 નાગરિકો સહિત 44 લોકોના મોત થતા સલામતી એજન્સીઓ ચિંતામાં મૂકાઇ હતી.

# BEATING RETREAT

પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગ રૂપે, આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાશે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

આ વર્ષે બીટિંગ રીટ્રીટ સમારોહમાં કુલ 30 પ્રદર્શન આર્મી, નેવી, એરફોર્સ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના બેન્ડની સૂરાવલીઓ દર્શકોને મંત્રમુગ્ધ કરશે.

# DELHI CAMPAIGN

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓએ પ્રચારમાં એડીચોટીનું જોર લગાવ્યું છે. દિલ્હી વિધાનસભાની ચુંટણી માટે કોંગ્રેસ નેતા જયરામ રમેશ અને દેવેન્દ્ર યાદવે આજે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો.

ભાજપ, આમઆદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓ રેલી અને રોડ શો ઉપરાંત ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે શાહદરા વિધાનસભા વિસ્તારના કરતાર નગરમાં રેલી સંબોધશે.

આમઆદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે બાદલી અને તિમારપુરમાં જાહેરસભાને સંબોધિત કરશે.

# ISRO LAUNCHING

ભારતીય અવકાશ સંશોધન સંગઠન ,ઇસરોનું ઐતિહાસિક 100મું પ્રક્ષેપણ સફળ રહ્યું હતું. NVS-02 વહન કરતું GSLV-એફ-15 આજે સવારે 6.23 વાગ્યે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું.

આ સફળતા અંગે ઇસરોએ કહ્યું કે, ભારતે અવકાશ નેવિગેશનમાં નવી ઊંચાઈઓ હાંસલ કરી છે. NVS-02 ઉપગ્રહ ઇસરોના વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવ્યો છે. તે એક સ્વદેશી નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ છે. તેનું વજન 2 હજાર 250 કિલો છે. તે નવી પેઢીના નેવિગેશન ઉપગ્રહોમાં બીજો છે.

ઇસરોના વડા તરીકે કાર્યભાર સંભાળનારા વી. નારાયણન માટે આ પ્રથમ પ્રક્ષેપણ છે. તેમણે જાતે પ્રક્ષેપણનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપગ્રહ પ્રક્ષેપણ ભૌગોલિક, હવાઈ અને દરિયાઈ નેવિગેશન સેવાઓ માટે ઉપયોગી થશે. આ ટેકનોલોજી કૃષિ, વિમાન વ્યવસ્થાપન અને મોબાઇલ ઉપકરણોમાં સ્થાન-આધારિત સેવાઓ પૂરી પાડવામાં મદદ કરશે.

ચેરમેન નારાયણન એ, આ સફળતા માટે ઇસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આ ઐતિહાસિક સિદ્ધિ માટે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) ને અભિનંદન પાઠવ્યા છે.

# BANGLADESH-TRAIN SERVICES

બાંગ્લાદેશમાં, રેલવેના રનિંગ સ્ટાફ દ્વારા હડતાળ પાછી ખેંચી લેવામાં આવ્યા બાદ આજે દેશના કેટલાક ભાગોમાં ટ્રેન સેવા ફરી શરૂ થઈ ગઈ છે.

ગઈકાલે રેલવે સલાહકાર, વિરોધી વિદ્યાર્થી ચળવળના નેતાઓ અને રનિંગ સ્ટાફના નેતાઓ વચ્ચે થયેલી બેઠક બાદ દેશભરમાં 26 કલાક સુધી ટ્રેનો રોકાયા બાદ  હડતાળ પાછી ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશ રેલવે રનિંગ સ્ટાફ અને શ્રમિક કર્મચારી યુનિયનના જનરલ સેક્રેટરી મોજીબુર રહેમાને આજે સવારે ઢાકામાં રેલવે સલાહકારના નિવાસસ્થાને મળેલી બેઠક બાદ આ જાહેરાત કરી હતી. યુનાઈટેડ ન્યૂઝ ઓફ બાંગ્લાદેશે અહેવાલ આપ્યો કે,  રેલકર્મીઓની માંગણીઓ પૂર્ણ કરવાની ખાતરી મળ્યા બાદ હ઼ળતાલ સમેટાઇ છે.

# TATA STEEL CHESS TOURNAMENT

ટાટા સ્ટીલ ચેસ ટુર્નામેન્ટમાં, વર્લ્ડ ચેસ ચેમ્પિયન ગુકેશ ડોમારાજુ નેધરલેન્ડ્સના વિજક આન ઝીમાં સામે 9 માં રાઉન્ડમાં વિજય મેળવ્યા બાદ માસ્ટર્સ સ્ટેન્ડિંગમાં એકમાત્ર ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યા.

ડી.ગુકેશે 43-ચાલની રમતમાં વ્હાઇટ પીસ સાથે પોતાના દેશબંધુ લિયોન લ્યુક મેન્ડોન્કાને હરાવ્યો, જેનાથી તેઓ 6.5 પોઈન્ટ પર પહોંચ્યા અને ટોચનું સ્થાન મેળવ્યું.